દા. તા.	૦૪–૦૫–૨૦૨૩
રજી.તા.	૦૪–૦૫–૨૦૨૩
ફૈં. તા.	૧૪–૦૮–૨૦૨૬
અવધી	૦૩ વ.૦૩ મા.૧૦ દિ..

GJBH090008202023

वालीयाना महे.प्रिन्सि. सिविल जज साहेबनी कोर्टमां, मु.वालीया.जी.भरुच.

વાલીયાના મહે.પ્રિન્સિ. સિવિલ જજ સાહેબની કોર્ટમાં, મુ.વાલીયા.જી.ભરૂચ.

રે.દી.મુ.નં.૧૩/૨૦૨૩
આંક :–૫૬

વાદી :– એગ્રીકોન ફર્ટીલાઈઝર કંપની ભાગીદારી પેઢીના ભાગીદારો ના કુ.પુ.
મુકેશભાઈ પ્રહલાદભાઈ પરમાર
ઠે–૫૦૫,વિન્ડસર પ્લાઝા.આર.સી.દત રોડ
અલકાપુરી,તા,જી–વડોદરા

વિરૂધ્ધ.

પ્રતિવાદી:– (૧)મેનેજર શ્રી
શ્રી ગણેશ ખાંડ ઉધોગ સહકારી મંડળી લીમીટેડ
રહે–વટારીયા,તા–વાલીયા,જી–ભરૂચ

(૨) શ્રી ગણેશ ખાંડ ઉધોગ સહકારી મંડળી લીમીટેડ
ઠે.મુ.પો.વટારીયા,તા–વાલીયા,જી–ભરૂચ

બાબત :	રૂ ૧,૬૪,૬૩૩/– પૈસા આંકથી એક લાખ, ચોસઠ હજાર,છસો તેત્રીસ

વાદી તરફે	:	વિ.વ.શ્રી વી.એ.જોષી
પ્રતિવાદી તરફે	:	વિ.વ.શ્રી પી.એન.પરમાર

::– <u>ઠ રા વ</u> –::

(૧). વાદીની દાવા અરજીની ટૂંકમાં હકીકત એવી છે કે,અમો વાદી એગ્રીકોન ફર્ટીલાઈઝર કંપની ભાગીદારી પેઢી છે. સદરહુ પેઢીના અમો મેનેજર છીએ તથા પેઢીના ભાગીદારો ના કુલમુખત્યાર છીએ. અમો વાદીની કંપની રાસાયણીક ખાતાર, કેમીકલ્સ તથા ખેતી વિષયક દવાઓને લગતા ધંધા સાથે સંકળાયેલ છીએ.પ્રતિવાદી વટારીયા મુકામે શ્રી ગણેશ ખાંડ ઉધોગ સહકારી મંડળી લીમીટેડ એ નામથી ગુજરાત સહકારી કાયદા અન્વયે નોધાયેલી સહકારી મંડળી છે. સદરહુ પ્રતિવાદી તેમના સભાસદો માટે જંતુનાશક દાવાઓ, ખાતર વગેરે ખરીદ કરી સભાસદોને વેચવાનો ધંધો કરે છે. પ્રતિવાદી સને ૨૦૧૭ ના અરસા અગાઉથી અમો વાદી પાસેથી ભાવ મંગાવી માલ ખરીદવા બાબત ઓર્ડર આપેલા હતા અને અમો વાદી પાસેથી માલ ખરીદતા આવેલા છો. આમ તમો પ્રતિવાદી અમોવાદી સાથે ઘણા લાંબા સમયથી વ્યાપારીક સબંધો ધરાવતા આવેલા છે. અમો વાદી નિયમીત રીત્રે હીસાબે રાખીએ છીએ તથા પ્રતિવાદી સાથે થયેલ વ્યવહારોની નોધ અમો વાદીના લેઝર એકાઉન્ટ મા રાખવામા આવેલ છે.

(૧.૧) **વધુમા** પ્રતિવાદી અમો વાદી પાસેથી જરૂરીયાત મુજબના માલનો જથ્થો મંગાવતા આવેલા છે અને અમો વાદી અત્યાર સુધી પ્રતિવાદીની જરૂરીયાત મુજબનો માલનો જથ્થો મોકલતા આવેલા છીએ તથા તેનુ ઈનવોઈસ /બીલ પણ પ્રતિવાદીને આપેલ છે તથા તે પેટે પ્રતિવાદી દવારા ચુકવવામા આવતા નાણા અમો વાદીની પેઢીમા જમા લેવામા આવેલા છે અને કોમપ્યુટરાઈઝ હીસાબી ચોપડામા નોધ કરી હીસાબ રાખવામા આવે છે. આમ વાદી દવારા પ્રતિવાદીના હીસાબોની નિયમીત નોધ કરવામા આવેલ છે. આમ અમો વાદીના લેઝર એકાઉન્ટ મુજબ તા ૦૧/૦૪/૨૦૧૭ થી તા ૨૬/૦૧/૨૦૨૩ સુધી પ્રતિવાદી પાસેથી રૂ ૧,૬૪,૬૩૩/– લેવા હકકદાર બનેલા છીએ. અમો વાદીએ અવાર નવાર

પ્રતિવાદી પાસેથી લેણી રકમની માંગણી કરતા તથા લેણી રકમ ચુકવવા ફોનથી તેમજ ઈ–મેઈલ દવારા જાણ કરવા છતા પ્રતિવાદી અવાર નવાર બહાના બતાવી સમય પસાર કરતા હતા અને અમો વાદીની લેણી રકમ ચુકવતા ન હતા.

(૧.૨) વધુમા પ્રતિવાદી અમો લેણીની રકમ ચુકવતા ન હોય અમો વાદીએ અમારા વકીલ શ્રી મારફત તા ૦૬/૦૨/૨૦૨૩ નારોજ નોટીસ આપેલી હતી .જે નોટીશ સદંર્ભેમા તા ૧૦/૦૨/૨૦૨૩ ના રોજ પ્રતિવાદીએ હીસાબ મુજબની રકમ ચુકવાઈ ગયેલ છે તેવી ખોટી વિગતો જાહેર કરતા અમો વાદીએ પ્રતિવાદીઓને તેઓના હીસાબો ભુલ ભરેલા છે તેમ જણાવી નીંચે મુજબની વિગતે માહીતી મોકલી હતી.

ક્રમ	તારીખ	બીલ નંબર	રોકવેજ નામ	રસીદ નંબર	રકમ
૧	૧૪/૧૧/૧૮	૨૫૧૬	ધનશ્યામ રોડવેઝ	૮૩૦૮૦	૨૨,૦૫૦/–
૨	૧૮/૦૩/૧૯	૩૮૮૨	શિવમ કાર્ગો	૧૮૮૫૧	૧૩,૨૩૦/–
૩	૦૨/૦૪/૧૯	૦૪	શિવમ કાર્ગો	૨૦,૧૩૦	૬૫,૪૦૮/–
૪	૦૪/૦૨/૨૦	૪૫૮૮	શિવમ કાર્ગો	૪૪૫૯૩	૩૩,૦૭૫/–
૫	૧૭/૦૨/૨૦	૪૬૯૭	શિવમ કાર્ગો	૪૫૬૮૦	૩૦,૮૭૦/–
				કુલ રકમ	૧,૬૪,૬૩૩

આમ ઉપરોકત વીગતે અમો વાદી પ્રતિવાદી પાસેથી રૂ ૧,૬૪,૬૩૩/'– લેણા પેટે મેળવવા હકકદાર છીએ. જે રકમ પ્રતિવાદી ચુકવવા જવાબદાર હોવા છતા ચુકવતા ન હોય સદરહુ રકમ વ્યાજસ વસુલ મેળવવા હાલનો દાવો કરેલ છે.

(૨). આ કામના પ્રતિવાદીઓને દાવા અરજીના સમન્સ /નોટીસ ની ધારાસર ની બજવણી થતા તેઓ હાજર રહીને આંક–૧૧ થી લેખિત જવાબ રજુ કરવામાં આવેલ છે. જેમાં તેઓએ વાદીની દાવાઅરજી આંક–૧ ની હકીકતો ખોટી તથા ગળેપઠે હોવાથી તે પ્રતિવાદીઓને કબુલ નથી.વાદીની દાવા અરજીમાંની સ્પષ્ટપણે કબુલ રાખ્યા સિવાયની તમામ હકીકતોનો પ્રતિવાદીઓ ઈન્કાર કરે છે.વાદીની દાવા અરજીના પેરા–૨ ના વાદીઓના વિધાનો ગેરકાયદેસર ના પાઠાફેર અને દાવા અરજી તેમજ મનાઈ અરજી પુરતા ઉપજાવી કાઢેલા છે અને આ પેરા ના વિધાનો કે પ્રતિવાદી વટારીયા મુકામે શ્રી ગણેશ ખાંડ ઉધોગ સહકારી મંડળી લીમીટેડ એ નામથી ગુજરાત સહકારી કાયદા અન્વયે નોધાયેલી સહકારી મંડળી છે. તેણી સાથે કોઈ તકરાર નથી પરંતુ આજ પેરા ના બાકીના વિધાનો સદરહુ પ્રતિવાદી તેમના સભાસદો માટે જંતુનાશક દવાઓ, ખાતર વગેરે ખરીદ કરી સભાસદોને વેચવાનો ધંધો કરે છે. પ્રતિવાદી સને ૨૦૧૭ ના અરસામા અગાઉથી અમો વાદી પાસેથી ભાવ મંગાવી માલ ખરીદવા બાબત ઓર્ડર આપેલા હતા અને અમો વાદી પાસેથી માલ ખરીદતા આવેલા છો. આમ તમો પ્રતિવાદી અમો વાદી સાથે ઘણા લાંબા સમયથી વ્યાપારીક સબંધો ધરાવતા આવેલા છે.અમો વાદી નીચમીત રીતે હીસાબ રાખીએ છીએ તથા પ્રતિવાદી સાથે થયેલ વ્યવહારોની નોધ અમો વાદીના લેઝર એકાઉન્ટમા રાખવામા આવે છે. આ પેરાના વાદીના વિધાના સરાસર જુઠાણાનો ભાગ તેમજ દાવો કરવા પુરતા ઉપજાવી કાઢેલા આક્ષેપો હોય તે અમોને કબુલ મંજુર નથી. વધુમા વાદી ના દાવા અરજી ના આંક–૧ તથા આંક–૫ નાઅ પેરા નંબર–૩ મા વાદીઓના વિધાનો કે પ્રતિવાદી અમો વાદી પાસેથી જરૂરીયાત મુજબનો માલનો જથ્થો મોકલતા આવેલા છીએ તથા તેનુ ઈનવોઈસ /બીલ પણ પ્રતિવાદીને આપેલ છે તથા તે પેટે પ્રતિવાદી દવારા ચુકવવામા આવતા નાણા અમો વાદીની પેઢીમા જમા લેવામા આવેલા છે અને કોમપ્યુટરાઈઝ હીસાબી

ચોપડામા નોધ કરી હીસાબ રાખવામા આવે છે. આમ વાદી દવારા પ્રતિવાદીના હીસાબોની નિયમીત નોધ કરવામા આવેલ છે. આમ અમો વાદીના લેઝર એકાઉન્ટ મુજબ તા ૦૧/૦૪/૨૦૧૭ થી તા ૨૬/૦૧/૨૦૨૩ સુધી પ્રતિવાદી પાસેથી રૂ ૧,૬૪,૬૩૩/- લેવા હકકદાર બનેલા છીએ. અમો વાદીએ અવાર નવાર પ્રતિવાદી પાસેથી લેણી રકમની માંગણી કરતા તથા લેણી રકમ ચુકવવા ફોનથી તેમજ ઈ-મેઈલ દવારા જાણ કરવા છતા પ્રતિવાદી અવાર નવાર બહાના બતાવી સમય પસાર કરતા હતા અને અમો વાદીની લેણી રકમ ચુકવતા ન હતા.વગેરે જેવા આ પેરા ના તમામ વિધાનો સરાસર જુઠાણાનો ભાગ તેમજ દાવો કરવા પુરતા ઉપજાવી કાઢેલા આક્ષેપો હોય તે અમોને કબુલ મંજુર નથી.

(૩) આ દાવાના કામે વાદી તરફે નીચે મુજબના મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓ રજુ કરવામાં આવેલ છે.

-: મૌખિક પુરાવા :-

અ.નં.	આંક/ નિશાની	વિગત
૧.	૧૮	વાદી મુકેશભાઈ પ્રહલાદભાઈ પરમાર નો સોગદનામો

-: દસ્તાવેજી પુરાવા :-

અ.નં.	આંક	વિગત
૧.	૨૭	પાવર ઓફ એટૅની નોટરાઈઝ
૨.	૨૮	લેજર એકાઉનટ ની નકલ
૩.	૨૯	બીલ નંબર-૨૫૧૬
૪.	૩૦	ધનશ્યાન રોડ વેજ રસીદ નં-૮૩૦૮૦
૫.	૩૧	બીલ નંબર-૩૮૮૨
૬.	૩૨	શિવમ કોગૉ રસીદ નંબર-૧૮૮૫૧
૭.	૩૩	બીલ નંબર-૪

૮	૩૪	શિવમ કોગો રસીદ નંબર–૨૦૧૩૦
૯	૩૫	બીલ નંબર–૪૫૮૮
૧૦	૩૬	શિવમ કોગો રસીદ નંબર–૪૪૫૯૩
૧૧	૩૭	બીલ નંબર–૪૬૯૭
૧૨	૩૮	શિવમ કોગો રસીદ નંબર–૪૫૬૮૦
૧૩	૩૯	નોટીસ ની સ્થળપ્રીત
૧૪	૪૦	પોસ્ટલ એકનોલેજમેન્ટ
૧૫	૪૧	પોસ્ટલ એકનોલેજમેન્ટ
૧૬	૪૨	પ્રતિવાદીએ આપેલ નોટીસનો જવાબ
૧૭	૪૩	નોટીસ ની સ્થળપ્રતિ
૧૮	૪૪	પોસ્ટલ એકનોલેજમેન્ટ
૧૯	૪૫	પોસ્ટલ એકનોલેજમેન્ટ
૨૦	૪૭	પુરાવાબંધ ની પુરસીસ

(૪) આ દાવાના કામે પ્રતિવાદી તરફે નીચે મુજબના મૌખિક પુરાવાઓ રજુ કરવામાં આવેલ છે.

–: મૌખિક પુરાવા :–

અ.નં.	આંક/ નિશાની	વિગત
૧.	પર	પ્રતિવાદી જયદીપસિહ યોગેન્દ્રસિહ ની સોગદ પર જુબાની

પ્રતિવાદી તરફે આંક–પ૩ થી કલોજીગ પુરસીસ આપેલ છે.

(૫) વાદી દવારા આંક–પ૪ થી લેખિત દલીલો રજુ કરેલ છે જયારે પ્રતિવાદી દવારા આંક–પપ થી લેખિત દલીલો રજુ કરેલ છે. જે નામદાર કોર્ટે દવારા ધ્યાન પર લેવામા આવેલ છે.

(૬) સદરહુ દાવા અરજીનો નિર્ણય કરવા માટે **આંક–૧૨** થી આ કામે મુદૃાઓ ઘડવામા આવેલ છે જે નીચે મુજબ છે.

–:<u>મુદૃાઓ :–</u>

મુદૃા નં.૧ :–	શુ વાદી સાબીત કરે છે કે, વાદી પ્રતિવાદી પાસેથી માલના વેચાણ મુજબ અને તેના હીસાબ મુજબ તા ૦૧/૦૪/૨૦૧૭ થી તા ૨૬/૦૧/૨૦૨૩ સુધી રૂપિયા ૧,૬૪,૬૩૩/– (અંકે એક લાખ ચોસઠ હજાર છસો તેત્રીસ) મેળવવા હકકદાર છે?
મુદૃા નં.૨ :–	શું વાદી સાબીત કરે છે કે,પ્રતિવાદી પાસેથી વ્યાજ મેળવવા હકકદાર છે?
મુદૃા નં.૩ :–	શુ પ્રતિવાદી સાબીત કરે છે કે, વાદી ના દાવાને સમય મર્યાદાના કાયદાનો બાધ નડે છે?
મુદૃા નં.૪ :–	શું વાદી દાવામાં જણાવ્યા મુજબની દાદ મેળવવા હકકદાર છે?
મુદૃા નં.૫ :–	શુ હુકમ અને હુકમનામુ

(૭) ઉપરોકત મુદૃાઓ અંગેના મારા જવાબ નીચે મુજબ છે :

(૧) નકારમા

(૨) નકારમા

(૩) નકારમા

(૪) નકારમા

(૫) આખરી હુકમ મુજબ

(૮) **ઉપરના મુદાઓના આ કોર્ટ ના નિર્ણયો માટોના કારણો નીચે મુજબ છે.**

<u>:: કારણો ::</u>

(૯) આ કામે વાદીએ પોતાનો કેસ પુરવાર કરવા માટે **આંક–૧૮ થી આ કામના વાદી મુકેશભાઈ પ્રહલાદભાઈ પરમાર નાઓએ સરતપાસનું** સોગંદનામુ રજુ કરેલ છે.જેમાં દાવા અરજીની હકીકતને સમર્થનરૂપ પુરાવો રજુ કરેલ છે. આ કામે વાદીએ રજુ કરેલ

આંક–૧૮ સોગંદ ઉપરના પુરાવાનું પ્રતિવાદી ઉલટ તપાસ કરવામાં આવતાં તેમા તેઓ સ્વીકારે છે કે,**એ વાત ખરી છે કે, અમોએ જે રકમની માંગણી કરી છે તે રકમ મુજબનો માલ આપવા માટે પ્રતિવાદી તરફથી કોઈ ઓર્ડર કરવામા આવ્યો હોય તેવો દસ્તાવેજ આ કામે રજુ કરેલ નથી. એ વાત ખરી છે કે દાવાવાળા બીલો મુજબનો માલ પ્રતિવાદી ને મોકલેલ હોય અને પ્રતિવાદીને તે માલ મળેલ હોય તેવો તેવા સિકકા સહીતાનો કોઈ દસ્તાવેજ આ કામે રજુ થયેલ નથી. એ વાત ખરી છે કે આ દાવાના કામે અમે જે ટેક્ષ ઈનવોઈલ રજુ કરેલા છે તે અમારી કંપની ના કોમપ્યુટર ઉપર જનરેટ થયેલા દસ્તાવેજ છે. એ વાત ખરી છે કે મે રજુ કરેલ કુલ પાંચ ઈનવોઈસ પૈકી ત્રણ ઈનવોઈસ પર પ્રતિવાદી એ કઈ તારીખે અને કયા ઓર્ડર નંબરથી માલ મંગાવેલો છે તે અંગેની કોઈ વિગત દર્શોવેલી નથી.** એ વાત ખરીછે કે કોઈ પણ વેપારી દવારા માલ ગ્રાહકને માલ મોકલવામા આવે તો તે માલ ગ્રાહક ને મળ્યો છે તે અંગેનો પુરાવો વેપારીએ મેળવવો જોઈએ. એ વાત ખરી છે કે કોઈ પણ ટ્રાન્સપોટર દવારા માલ મોકલવામા આવે ત્યારે બે નકલ બીલ્ટી તૈયાર કરવામા આવે છે અને એક નકલ ગ્રાહક ને માલ મેળવ્યો છે તે અંગેની બીલ્ટીમા સહી લેવામા આવે છે.

(૧૦) આ કામે પ્રતિવાદીએ આંક–૫ર થી જયદીપસિહ યોગેન્દ્રસિહ નાઓએસોગદનામુ રજુ કરેલ છે તેમા તેઓએ તેમના જવાની હકીકતોને વળગી રહેલ છે, ત્યારબાદ વાદીના વકીલ શ્રી દવારા કરવામા આવેલ ઉલટ તપાસ મા તેઓ સ્વીકારે છે કે, મારુ આખુ નામ જયદીપસિહ યોગેન્દ્રસિહ મહારાઉલજી છે. હુ ગણેશ ખાંડ ઉધોગમા ઓગસ્ટ –ર૦૦૮ થી નોકરી કરુ છુ અને સને–ર૦૧૯ થી ચીફ એકાઉન્ટન્ટ તરીકે નોકરી કરુ છુ. એ વાત ખરી છે કે મે મારો કોઈ આઈકાર્ડ કે સંસ્થાનો લેટર આ કામે રજુ કરેલ નથી. એ વાત ખરી છે કે ગણેશ ખાંડ ઉધોગ સહકારી મંડળીમા હીસાબના ચોપડા રાખવામા આવે છે. એ વાત ખરીછે કે જે મા માલના ખરીદ વેચાણ ના

હીસાબો રાખવામા આવે છે. એ વાત ખરી છે કે વાદી પેઢી પાસે ધંધાકીય વ્યવહાર હતો તે અંગેનો કોઈ લેઝર રીપોૅટ રજુ કરેલ નથી. મને આંક–૩૦,૩૨,૩૪,૩૬ તથા ૩૮ બતાવવામા આવે છે જે ટ્રાન્સપોર્ટની બીલ્ટી રસીદ છે જેના ઉપર વાદી તથા પ્રતિવાદી સંસ્થાના નામનો ઉલ્લેખ કરેલ છે. મને આંક–૪૨ બતાવવામા આવે છે જેમા અમારી સંસ્થાના લેટર તથા તેની સાથે વાદી સંસ્થા સાથે થયેલ વ્યવહારોની ખરી નકલ સામેલ છે.

–::પુરાવાનો પુથકરણ::–

પુરાવો તથા સાબિતી આ બંને શબ્દો પ્રથમ દર્શને એકસરખો અર્થ ધરાવતા હોઈ તેમ જણાય. વાસ્તવમાં પુરાવાનો બોજો કોઈ પક્ષકાર પર હોતો નથી પરંતુ સાબીતીનો બોજો પક્ષકાર ઉપર હોય છે. સાબીતી એટલે કે,પુરાવાની અસર એમ કહી શકાય તેમજ સાબીતી એટલે પુરવાર થવુ તે એટલે કે,ેં.ચફઅભર્મ કોઈ હકીકત સાબીત થાય તેમાં મૌખિક કે દસ્તાવેજી પુરાવો હોય તેમજ કેટલાક અનુમાનોના કારણે કોઈ બાબત કે હકીકત સાબીત થાય. કેટલીક હકીકતોની ન્યાયીક નોંધ લેવામાં આવે છે. પક્ષકારોની સ્વીકૃતિ કે કબુલાતોના કારણે કેટલીક હકીકતો સાબીત થાય છે તેમજ સાબીતીમાં વાસ્તવિક પુરાવો આવે તથા અદાલતે કરેલ સ્થળ કે મીલકતનું નિરીક્ષણ કોઈ મીલકતની હકીકતની સાબીતીમાં મહત્વનો ભાગ ભજવે છે. આમ, સમગ્રપણે જોતાં સાબીતીમાં પુરાવા સિવાય પણ અમુક બાબત હોઈ શકે કે જે કારણે સાબીતી શબ્દ પુરાવા કરતાં વિશાળ અર્થ ધરાવે છે અને સાબીતી એટલે અદાલત કોઈ હકીકતનું અસ્તિત્વ કે બિન અસ્તિત્વ પુરાવા અધિનિયમની કલમ–૩ મુજબ માને છે.

ફોજદારી કાર્યવાહી તથા દીવાની કાર્યવાહીમાં સાબીતીના બોજાની માત્રામાં તફાવત હોય છે. ફોજદારી કાર્યવાહીમા આરોપીએ જે ગુનો કર્યો છે તે હકીકત વ્યાજબી શંકાથી પર અને તેવી એક માત્ર સંભવિતતા એટલે કે, સંભવિતતાની

અત્યંત ઉચી માત્ર તે શ્રેષ્ઠ સાબીતી ગણાય તથા ગુનો સાબીત કરવા માટે તે અપેક્ષા રાખવામાં આવે છે અને માત્ર સંભવિતતાના કારણે ગુનો પુરવાર કરવાનો બોજો ફોજદારી કાર્યવાહીમાં સામા પક્ષ ઉપર ખસતો નથી. જયારે દીવાની કાર્યવાહીમાં સંભવિતતા પ્રસ્થાપિત કરવામાં આવે ત્યારે સાબીતીનો બોજો સામા પક્ષ ઉપર જાય છે અને તેવી પ્રસ્થાપિત થયેલી સંભવિતતાનું ખંડન કરવામા ન આવે તો તેના આધાર ઉપર નિર્ણય કરી શકાય છે. આમ,દીવાની કાર્યવાહીમા ‘PRE PONDERANCE OF PROBABILITY" ના સિધ્ધાંત મુજબ સાબીતીનો બોજો રહેલ છે.

ભારતીય પુરાવા અધિનિયમ ની કલમ–૧૦૧ જોવામાં આવે તો તેમાં સાબીતીનો બોજો કોના ઉપર છે તે અંગે જોગવાઈ કરવામાં આવેલ છે તે મુજબ ''કોઈ પણ (વ્યકિત) ઈચ્છતી હોય કે, પોતે પ્રતિપાદન કરે છે તે હકીકતોના અસ્તિત્વના આધાર પરથી કોઈ અદાલત કોઈ કાનુની અધિકાર અથવા જવાબદારી અંગે ચુકાદો આપે તેને તે હકીકત અસ્તિત્વમાં છે તેમ સાબીત કરવુ પડે.

જયારે કોઈ હકીકતોનું અસ્તિત્વ સાબીત કરવા એક વ્યકિત બંધાયેલી હોય ત્યારે એમ કહેવાય કે ,તે વ્યકિત ઉપર સાબીતીનો બોજો છે. ''

(૧૧) ઉપરોકત મુદા નંબર–૧ થી ૪ એકી સાથે સંકળાયેલ હોય હકીકતોનો પુનરાવર્તન ટાળવા એકી સાથે નીચે મુજબ ચર્ચા કરવામા આવેલ છે.

સદર મુદાઓ પુરવાર કરવાની જવાબદારી વાદી ઉપર રાખવામા આવેલ છે.અહી નામદાર ઉચ્ચ અદાલતના ચુકાદામા પ્રસ્થાપિત થયેલ સિધ્ધાંતો ધ્યાને લેવા જરૂરી જણાતા હોય જે નીચે મુજબ છે.

AGRICULTURE PRODUCE MARKET COMMITTEE V/S BHANDARI DHIRUBHAI 2008 (1) G.C.D.366

-Wherein it has been held that -” "Pleadings made by the party before the Court are required to be proved and substantiated by the party by

producing and proving necessary evidence in support of such pleadings. Pleadings cannot take place of evidence. Pleadings are mere contentions raised by the party before the Court. Party is required to prove the same by leading proper evidence before the Court."….

(૧૧.૧) વાદી એ તેઓના દાવાના સમર્થન મા આંક–૧૮ થી મૌખિક પુરાવો રજુ કરેલ છે પ્રતિવાદી દવારા કરવામા આવેલ ઉલટ તપાસ મા વાદી સ્વીકારે છે કે,**એ વાત ખરી છે કે અમોએ જે રકમ ની માંગણી કરેલ છે તે રકમ મુજબનો માલ આપવા માટે પ્રતિવાદી તરફથી કોઈ ઓર્ડર કરવામા આવ્યો હોય તેવો દસ્તાવેજ આ કામે રજુ થયેલ નથી. એ વાત ખરી છે કે દાવાવાળા બીલો મુજબનો માલ પ્રતિવાદી ને મોકલેલ હોય અને પ્રતિવાદી ને તે માલ મળેલ હોય તેવો તેવો સિકકા સહીતનો કોઈ દસ્તાવેજ આ કામે રજુ થયેલ નથી.**

આમ વાદીનો સમગ્ર દાવો એ બાબત પર આધારીત છે કે પ્રતિવાદી એ વાદી પાસેથી માલની ખરીદી કરી હતી અને તે માલની કીમત તરીકે રૂ ૧,૬૪,૬૩૩/– ની રકમ બાકી છે . આવી પરીસ્થિતીમા વાદી ઉપર પ્રથમ દ્રષ્ટિએ એ હકીકત સાબિત કરવાનો ભાર રહે છે કે,(૧) પ્રતિવાદીએ માલનો ઓર્ડર આપ્યો હતો.(ર) વાદીએ તે ઓર્ડર મુજબ પ્રતિવાદીને માલ પહોચાડયો હતો.(૩) પ્રતિવાદીએ તે માલ સવીકાર્યો હતો.(૪) તે માલની કીમત પેટે દર્શાવેલ રકમ પ્રતિવાદી પાસેથી ખરેખર બાકી છે. પરંતુ વાદી તેઓની ઉલટ તપાસ મા સ્વીકારે છે કે, પ્રતિવાદી દવારા માલનો ઓર્ડર આપવામા આવ્યો હોવા અંગેનો કોઈ દસતાવેજ રેકર્ડ ઉપર રજુ કરવામા આવેલ નથી. તેવી જ રીતે માલ પ્રતિવાદીને પહોચાડવામા આવયો તથા પ્રતિવાદીએ તે માલ સ્વીકાર્યો હોવાની બાબતને સમર્થન આપતો પ્રતિવાદી ની સહી અથવા સ્ટેમ્પ ધરાવતા કોઈ ડીલેવરી ચલન,રસીદ,એકનોલેજમેન્ટ, અથજા અન્ય કોઈ દસ્તાવેજ પણ રજુ કરવામા આવેલ નથી.

આમ માત્ર વાદી દવારા તૈયાર કરવામા આવેલ બીલો રજુ કરવાથી , તે બીલોમા દર્શાવેલ માલ ખરેખર પ્રતિવાદીને પહોચાડવામા આવ્યો હતો અને પ્રતિવાદીએ તે માલ સ્વીકાર્યો હતો તેવી હકીકત આપોઆપ સાબીત થતી નથી. ખાસ કરીને જયારે વાદી પોતેજ માલના ઓર્ડર તથા માલની પ્રાપ્તી અંગે કોઈ સ્વતંત્ર દસ્તાવેજ ઉપલબધ ન હોવાનુ સ્વીકારે છે,ત્યારે માત્ર વાદી દવારા તૈયાર કરાયેલા બીલોના આધારે પ્રતિવાદી ઉપર બાકી રકમની જવાબદારી નિશ્વિત કરવી યોગ્ય જણાતી નથી.

વધુમા અહી એ પણ નોધવુ જરૂરી જણાય છે કે, વાદી પોતે જ દાવાની આવશ્યક હકીકતો અંગે મહત્વપુર્ણ એડમીશન કરે છે. આવી એડમીશન વાદીના પોતાના કેસને અસર કરતી હોવાથી તેને અવગણી શકાય નહી. વાદીએ પોતાના કેસના સમર્થનમા ખાતાવહી,લેજર,માલની ડીલીવરી અ્ગેના સ્વીકારપત્રો , ડીલીવરી ચલન,પ્રતિવાદીના સહી વાળા બીલો, માલનો ઓર્ડર અથવા અન્ય કોઈ સ્વતંત્ર દસ્તાવેજ રજુ કરીને પ્રતિવાદી ઉપર દર્શાવેલ રકમ ખરેખર બાકી છે તે વિશ્વસનીય રીતે સાબીત કરવાનુ હતુ.

(૧૧.૨) વધુમા વાદી તરફથી આંક-૨૮ થી પ્રતિવાદી ના ખાતાની લેઝર એકાઉન્ટ ની ખરી નકલ રજુ કરવામા આવેલ છે.જેમા કલોજીગ બેલેન્સ રૂ ૧,૬૫,૨૮૩/- દર્શાવવામા આવેલ છે. વાદીનો દાવો રૂ ૧,૬૪,૬૩૩/- ની રકમ માટે છે.અહી પ્રથમ એ ઉપસ્થિત થાય છે કે, શુ માત્ર વાદી દવારા જાળવવામા આવેલ લેઝર એકાઉન્ટ ની એન્ટ્રી ના આધારે પ્રતિવાદીને દાવાની રકમ માટે જવાબદાર ઠરાવી શકાય? ભારતીય પુરાવા અધિનિયમન ની કલમ-૩૪ મુજબ નિયમિત વ્યવસાય દરમ્યાન નિયમિત રીતે જાળવવામા આવેલી એકાઉન્ટ બુકસ મા કરવામા આવેલી એન્ટ્રી રીલેવન્ટ છે,પરંતુ એવી એન્ટ્રી પોતેજ કોઈ વ્યકિત ઉપર જવાબદારી લાદવા માટે પુરતી નથી. માનનીય સર્વોચ્ચ અદાલતે ***Chandradhar Goswami & Ors.***

v. Gauhati Bank Ltd., AIR 1967 SC 1058 **મા** સ્પષ્ટ છે કે એકાઉન્ટ બુકમા રહેલી માત્ર એન્ટ્રી ના આધારે વ્યકિતની જવાબદારી મા મુકી શકાય નહી અને એન્ટ્રી ને સમર્થન કરવા સ્વતંત્ર પુરાવો જરૂરી છે.

તેવી જ રીતે ***Ishwar Dass Jain (Dead) through LRs. v. Sohan Lal (Dead) through LRs., (2000) 1 SCC 434*** મા માનનીય સર્વોચ્ચ અદાલતે ઠરાવ્યુ છે કે, કલમ–૩૪ હેઠળ એકાઉન્ટ બુક ને મળતી evidentiary value ત્યારેજ ઉપલબ્ધ થાય જયારે તે નિયમિત વયવસ્થામા જાળવવામા આવેલ મુળ એકાઉન્ટ બુક હોય. private extracts /true copies of alleged accounts, તથા મુળ એકાઉન્ટ બુક રજુ કર્યો વિના ,પોતાના આધારે જવાબદારી સાબિત કરવા પુરતા નથી.

હાલના કેસમા આંક–૨૮ એ માત્ર લેઝર એકાઉન્ટ ની ખરી નકલ છે. વાદીએ મુળ લેઝર એકાઉન્ટ અદાલત સમક્ષ રજુ કરેલ નથી. વધુમા, આંક'–૨૮ મા દર્શાવેલ બેલેન્સ અંગે પ્રતિવાદીની કોઈ સહી, સ્વીકુતિ અથવા એકનોલેજમેન્ટ રેકર્ડ ઉપર રજુ કરવામા આવેલ નથી. પ્રતિવાદીએ આંક–૨૮ મા દર્શાવેલ બેલેન્સ સ્વીકારેલ હોવાનુ પણ પુરાવામાથી સાબીત થતુ નથી. આથી આંક–૨૮ મા દર્શાવેલ એન્ટ્રી ને માત્ર તેના આધારે પ્રતિવાદી ઉપર રૂ ૧,૬૪,૬૩૩/– ની જવાબદારી લાદી શકાય નહી. વાદીએ તે એન્ટ્રી ના આધારરૂપ મુળ વ્યવહારો સ્વતંત્ર અને વિશ્વસનીય પુરાવાથી સાબિત કરવાના રહે છે.

(૧૧.૩) વધુમા વાદીએ આંક–૨૯, ૩૧, ૩૩, ૩૫, અને ૩૭ તરીકે જુદી જુદી ટેક્ષ ઈનવોઈસ રજુ કરેલ છે. તેમા અનુક્રમે રૂ ૨૨,૦૫૦/–, રૂ ૧૩,૨૩૦/–, રૂ ૬૫,૪૦૮/–, રૂ ૩૩,૦૭૫/– અને રૂ ૩૦,૮૭૦/– ની રકમ દર્શાવવામા આવેલ છે. આમ માત્ર ટેક્ષ ઈનવોઈસ રજુ કરવાથી તેમા દર્શાવેલ માલ વાસ્તવમા પ્રતિવાદી ને પહોચાડવામા આવ્યો હતો અને પ્રતિવાદીએ તે માલ સ્વીકાર્યો હતો

તે હકીકત આપોઆપ સાબિત થતી નથી. ટેક્ષ ઈનવોઈસ વાદી દવારા તૈયાર કરવામા આવેલ વ્યવસાયિક દસ્તાવેજ છે. તેની સાથે માલની ડીલેવરી અને કબુલાત અંગેનો વિશ્વસનીય પુરાવો હોવો જરૂરી બને છે. ખાસ કરીને જયારે પ્રતિવાદી ડીલીવરીનો સ્વીકાર કરતો ન હોય.

વધુમા હાથ પર ના કેસમા વાદીએ આંક-૧૮ થી સોગદ પર જુબાની આપેલ છે અને ઉલટ તપાસ મા સ્વીકારેલ છે કે, પ્રતિવાદીએ જે માલનો ઓર્ડર આપ્યો હોવાનુ વાદી જણાવે છે, તે અંગેનો એક પણ દસતાવેજ રજુ કરવામા આવેલ નથી. વધુમા વાદીએ એ પણ સ્વીકારેલ છે કે, માલ પ્રતિવાદીને પહોચાડવામા આવ્યો હોવા અંગે પ્રતિવાદીની સહીવાળો એક પણ દસ્તાવેજ રજુ કરવામા આવેલ નથી. વાદીની આ સ્વીકુતિને અવગણી શકાય નહી.કારણકે વાદીના દાવા નો મુળ આધાર જ એ છે કે પ્રતિવાદીએ વાદી પાસેથી માલ ખરીધો,માલ પ્રાપ્ત કર્યો અને તેની કીમત ચુકવવાની બાકી રાખી. જયારે ઓર્ડર અને ડીલીવરી અંગેના મુળભુત પુરાવા ઉપલબધ નથી અને વાદીનો પોતાનો તે બાબતનો સ્વીકુતિ છે , ત્યારે માત્ર ટેક્ષ ઈનવોઈસ અને લેઝર એકાઉન્ટ ના અધાારે ઉપરોકત વ્યવહારો સાબિત થયા હોવાનુ કહી શકાય નહી.

(૧૧.૪) વધુમા આંક-૩૦,૩૨,૩૪,૩૬ અને ૩૮ તરીકે રજુ કરાયેલા દસ્તાવેજો પણ ધ્યાનમા લેવામા આવ્યા છે.આંક-૩૦ મા ૫ બેગસ ખાતર, આંક-૩૨ મા ૩ બેગ બીયારણ,આંક-૩૪ મા ૨૨ બેગ, આંક-૩૬ મા ૧૫ બેગસ,આંક-૩૮ મા ૧૪ બેગસબીયારણ દર્શાવવામ આવેલ છે. પરંતુ આ દસતાવેજો ઝેરોક્ષ કોપી છે અને તેમા દર્શાવવામા આવેલી વિગતોને પ્રતિવાદી ની સહી, સિકકા, સ્ટેમપ, એકનોલેજમેન્ટ અથવા ડીલીવરી રીસીપ્ટ દવારા સમર્થન કરવામા આવેલ નથી. વધુમા આ દસ્તાવેજો અને ટેક્ષ ઈનવોઈસ વચ્ચેનો સંબધ તથા કયા દસતાવેના આધારે કયો માલ પ્રતિવાદીને પહોચાડવામા આવયો હતો તે બાબતે વાદી તરફથી

સ્પષ્ટ અને વિશવસનીય પુરાવો રજુ કરવામા આવેલ નથી. વધુમા આંક–૨૮ ના લેઝર એકાઉન્ટ મા કલોજીગ બેલેન્સ રૂ ૧,૬૫,૨૮૩/– દર્શાવવામા આવેલ છે , જયારે હાલના દાવામા વાદીએ રૂ ૧,૬૪,૬૩૩/– ની રકમની માંગણી કરેલ છે. બંને રકમ વચ્ચે રૂ ૬૫૦/– નો તફાવત છે. વાદી ઉપરોકત દાવામા માંગવામા આવેલ ચોકકસ રકમ કેવી રીતે રૂ ૧,૬૪,૬૩૩/– થાય છે અને આંક–૨૮ મા દર્શાવવામા આવેલ રૂ ૧,૬૫,૨૮૩/– માથી રૂ ૬૫૦/– નો તફાવત શા માટે છે તે બાબતે કોઈ સંતોષકારક હીસાબી સ્પષ્ટતા અથવા સમર્થક દસ્તાવેજી પુરાવા રજુ કરવામા આવેલ નથી.

(૧૧.૫) વાદી દવારા આંક–૨૮ થી ૩૮ સુધી ના દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે જે પૈકી આંક–૨૮ થી રજુ થયેલ લેઝર એકાઉન્ટ રજુ કરેલ છે , જે કોમપ્યુટર ઉપર તૈયાર કરવામા આવેલ હોવાનુ જણાય છે અને જે તૈયાર કરનાર કર્મચારીને આ કામે તપાસેલ નથી અને તૈયાર કરનાર ઈસમ દવારા સદર લેઝર એકાઉન્ટ બનાવવા માટેની ટ્રેનીગ મેળવેલ હોય,તેવો કોઈ આધાર પુરાવો રજુ કરેલ નથી.વધુમા વાદી દવારા આંક–૨૦ થી ભારતીય પુરાવા અધિનિયમ ની કલમ–૬૫(બી) મુજબનો માત્ર સર્ટી રજુ કરેલ છે, આમ વાદી દવારા આંક–૨૮ થી ૩૮ ના જે દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે અને તેને આંક પડેલ છે પરંતુ વાદી દવારા તેના કનટેન્ટ તથા તેમા રહેલ આંકડા પુરવાર કરવા વાદી દવારા પુરાવો રજુ કરી પુરવાર કરી શકેલ નથી,તેવુ નામદાર કોર્ટનુ નમ્રપણે માનવાનુ છે. વધુમા વાદી તરફે રજુ થયેલ આંક–૨૮ થી ૩૮ સુધીના દસ્તાવેજો જે વાદી કંપનીના કર્મચારી ઓ દવારા તૈયાર કરેલ છે, તે દસ્તાવેજો માત્ર આંક પાડવાથી પુરવાર થતા હોવાનુ માની શકાય નહી,

વધુમા નામદાર ઉચ્ચ અદાલતે પોતાના ચુકાદા ***૧૯૯૮(૧) જી.એલ.એચ.પાન નં–૮૩૩ મા પ્રભાતભાઈ શંકરભાઈ પરમાર વિરૂધ્ધ મહીજીભાઈ નાનાભાઈ પરમાર*** ના ચુકાદામા પ્રસ્થાપિત થયેલ સિધ્ધાંતો ધ્યાને

લેતા તેમા જણાવેલ છે કે, પુરાવા અધિનિયમ ની કલમ-૩૬ અને ૮૩ મુજબ દસ્તાવેજો જે કર્મચારીઓ દવારા બનાવવામા આવેલ હોય, તે પુરવાર કરવા જોઈએ, માત્ર તે દસ્તાવેજોને આંક આપવાથી તેને પુરવાર તરીકે ગ્રાહય રાખી શકાય નહી અને હાલના કામે પણ વાદી તરફે જે દસ્તાવેજો રજુ કરેલ છે , તેને આંકે પાડવામા આવેલ છે ,પરંતુ તેમા રહેલા કનટેન્ટ વાદી દવારા પુરવાર કરવામા આવેલ હોય તેમ માની શકાય નહી.

વધુમા નામદાર ઉચ્ચ અદાલત દવારા પોતાના ન્યાયી ચુકાદા ***૧૯૯૧(૧) જી.એલ.એચ. પાન નંબર-૨૮૮ નો લખન સાઉ વિરૂધ્ધ ધરમુ ચૌધરી.*** ના ચુકાદામા નામદાર ઉચ્ચ અદાલતે પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતોને ધ્યાને લેવામા આવે તો તેમા નામદાર ઉચ્ચ અદાલતે પ્રસ્થાપિત કરેલ છે કે, ઈન્ડીયન એવીડન્સ એકટ ની કલમ-૧૦૧,૧૦૨ મુજબ સાબીતીનો બોજો વાદી ઉપર હોય ત્યારે પ્રતિવાદીએ પુરાવો આપવો નહી, અને જો પ્રતિવાદીએ પુરાવો આપેલ હોય તો તેને ધ્યાને નહી લેવા પ્રતિવાદી જણાવી શકે નહી.જયારે બંને પક્ષે પુરાવો આપેલ હોય ત્યારે કેસના અંતમા પુરાવાનો બોજાનો પ્રશ્ન કોઈ મોટો અગત્યનો નથી,કોર્ટ સમક્ષ રજુ થયેલ પુરાવા ઉપરથી કોર્ટે નિર્ણય કરવાનો રહે છે, તે ચુકાદા સાથે સંમત છે, જે મુજબ ભારતીય સાક્ષ્ય અધિનિયમ-૨૦૨૩ ની કલમ-૧૦૪,૧૦૫ મુજબ દાવો પુરવાર કરવા પુરાવાનો બોજો વાદી ઉપર રહે છે અને વાદીએ પોતાનો દાવો સક્ષમ પુરાવાથી સાબીત કરવાનો રહે છે. વધુમા હાલમા નામદાર સર્વોચ્ચ અદાલત દવારા S.SANGEETHA & ORS Vs TMT.P.PONNI 2026 LIVE LAW (SC)776 ના ચુકાદામા પ્રસ્થાપિત થયેલ સિધ્ધાત મા જણાવેલ છે કે, ***it is also settled law that mere marking of a document as an exhibit, is not a proof of the contents thereof ….. therefore , in the instant case , the contents of the documents which have been marked /exhibited will have to be***

proved in accordance with law. We find no reason tp eschew them, at this stage. The court observed.

આમ માત્ર દસ્તાવેજને આંક પડી જવાથી દસ્તાવેજો પુરવાર થતા નથી તેમા રહેલ કનટેન્ટ પણ પુરવાર કરવાના હોય છે. આમ વાદી દવારા આંક–૨૮ થી ૩૮ સુધી જે દસ્તાવેજો રજુ કરેલ છે તેમા અમુક દસ્તાવેજો ઝેરોક્ષ નકલ છે અને ખરી નકલ છે અને નામદાર કોર્ટે દવારા તેને આંક આપેલ છે, પરંતુ વાદી દવારા સદર દસ્તાવેજોમા રહેલ આંકડા પુરાવો આપી ને પુરવાર કરી શકેલ નથી તેવુ નામદાર કોર્ટે નુ માનવુ છે.

(૧૧.૬) વધુમા વાદીનો હાલનો દાવો બાકી રકમ રૂ ૧,૬૪,૬૩૩/– ની વસુલાત માટે દાખલ કરવામા આવેલ છે. વાદી તરફથી આંક–૨૮ તરીકે લેઝર એકાઉન્ટ રજુ કરવામા આવેલ છે,જે વાદી ના મત મુજબ તા ૦૧/૦૪/૨૦૧૭ થી તા ૨૬/૦૧/૨૦૨૩ સુધીનો હોવાનુ જણાવવામા આવેલ છે. ત્યારબાદ વાદીએ પ્રતિવાદીની બાકી રકમ ની માંગણી અંગે પોતાના વકીલ મારફતે તા ૦૬/૦૨/૨૦૨૩ ના રોજ લીગલ નોટીસ આપેલ છે. પ્રતિવાદી દવારા ઉપરોકત નોટીસનો જવાબ તા ૧૦/૦૨/૨૦૨૩ ના રોજ આપવામા આવેલ છે અને વાદી દવારા હાલનો દાવો તા ૦૪/૦૫/૨૦૨૩ ના રોજ કરવામા આવેલ છે.

આથી પ્રથમ પ્રશ્રન એ થાય છે કે, હાલનો દાવો કયા સમયથી લીમીટેશન મા આવે છે અને લીમીટેશન ની ગણંતરી કઈ તારીખ થી કરવાની હોય છે. સામાન્ય રીતે માલની વેચાણની કીમત ની વસુલાત માટે આર્ટીકલ–૧૪ અને ૧૫ લાગુ પડી શકે છે અને લીમીટેશન નો સમયગાળો ૩ વર્ષે નો રહે છે. જો દાવો ખુલ્લા અને ચાલુ ખાતા ના આધારે કરવામા આવેલ હોય તો પણ લીમીટેશન માટે માત્ર લેઝર મા પાછળ થી કરવામા આવેલી એન્ટ્રી પુરતી નથી. લીમીટેશન શરૂ થતો અટકાવવા માટે કાયદેસર રીતે માન્ય એકનોલેજમેન્ટ અથવા પાર્ટ–પેમેન્ટ હોવુ જરૂરી બને છે.

પ્રતિવાદી એ પોતાના જવાબમા વાદીના દાવાના તમામ મુખ્ય આક્ષેપો તથા વાદી દવારા જણાવવામા આવેલ તમામ વચવહારોનો સંપુર્ણ ઈનકરા કરેલ છે. પ્રતિવાદીએ વાદી પાસેથી માલ ખરીધો હોવાનુ કે વાદીની કોઈ રકમ બાકી હોવાનુ સ્વીકારેલ નથી. લીમીટેશન ના પશ્રન અંગે એ નોધવુ જરૂરી છે કે માત્ર વાદીએ પોતાના લેજર એકાઉન્ટ મા તા ૨૬/૦૧/૨૦૨૩ સધ્ધુી કોઈ એન્ટ્રી કરેલ છે એટલા માત્ર થી લીમીટેશન ની નવી મુદત શરૂ થતી નથી. લેજર એકાઉન્ટમા કરવામા આવેલી એન્ટ્રી પોતે જ પ્રતિવાદી તરફથી એકનોલેજમેન્ટ ઓફ લાઈબીટી બની શકતી નથી, ખાસ કરીને જયારે પ્રતિવાદી દવારા સમગ્ર વ્યવહાર અને જવાબદારી સ્પષ્ટ ઈનકાર કરવામા આવેલ હોચ.

લીમીટેશન એકટ ૧૯૬૩ ની કલમ-૧૮ મુજબ અગાઉ થયેલી જવાબદારી અંગે લીમીટેશન નીસ નવી મુદત શરૂ થવા માટે એકનોલેજમેન્ટ તે વ્યકિત દવારા અથવા તેના વિરૂઘ્ધ પ્રતિનિધિ દવારા કરવામા આવેલ હોવુ આવશ્યક છે જેના વિરૂઘ્ધ હકકનો દાવો કરવામા આવે છે.હાલના કેસમા પ્રતિવાદીએ કોઈ પણ રકમ બાકી હોવાનુ એકનોલેજમેન્ટ કરેલ નથી. તેથી કલમ-૧૮ લાગુ પડતી નથી.

તેજ રીતે લીમીટેશન એકટ ની કલમ-૧૯ હેઠળ પાર્ટ-પેમેન્ટ દવારા લીમીટેશન ની નવી મુદત જરૂ થવાાની બાબત પણ ત્યારે જ ઉપસ્થિત થાચ જયારે દેવાદાર દવારા પેમેન્ટ કરવામા આવેલ હોવાનુ અને તે અંગે કાયદેસર રીતે જરૂરી એકનોલેજમેન્ટ ઉપલબ્ઘ હોચ. હાલના કેસમા પ્રતિવાદી દવારા કોઈ પાર્ટ-પેમેન્ટ કરવામા આવેલ હોવાનો પુરાવો નથી.

વાદીએ તા ૦૬/૦૨/૨૦૨૩ ના રોજ નોટીસ આપેલ છે,પંરતુ માત્ર ડીમાન્ડ નોટીસ આપવાથી લીમીટેશન ની મુદત નવી રીતે શરૂ થતી નથી. તેવી જ રીતે પ્રતિવાદીએ તા ૧૦/૦૨/૨૦૨૩ ના રોજ નોટીસનો જવાબ આપેલ છે,પરંતુ જયારે તે જવાબમા જવાબદારી નો સ્વીકાર કરવાનો બદલે સમગ્ર ટ્રાન્જેકશન અને

જવાબદારી નો ઈનકાર કરવામા આવેલ હોય ,ત્યારે તે જવાબને કલમ–૧૮ હેઠળ એકનોલેજમેન્ટ ઓફ લાયાબ્લીટી કહી શકાય નહી.

(૧૧.૭) હાથ પર ના કેસમા ખાસ નોધવુ જરૂરી જણાય છે કે, જો તા ૨૬/૦૧/૨૦૨૩ ની આંક–૨૮ ની છેલ્લી એન્ટ્રી માત્ર વાદી દવારા પોતાની લેઝર એકાઉન્ટ મા કરવામા આવેલી એકાઉન્ટીગ એન્ટ્રી છે અને તે એન્ટ્રી ના આધાર રૂપ કોઈ વાસ્તવિક વેચાણ ટ્રાનજેકશન, ટેક્ષ ઈનવોઈસ , ડીલીવરી અથવા પ્રતિવાદી દવારા માલ સ્વીકાર્યોનો પુરાવો નથી, તો આવી એન્ટ્રી લીમીટેશન ના હેતુ માટે કોઝ ઓફ એકશન ને તા ૨૬/૦૧/૨૦૨૩ સુધી લંબાવી શકાય નહી. વધુમા વાદી તેઓની ઉલટ તપાસ મા સ્વીકારે છે કે, પ્રતિવાદીને માલ નો ઓર્ડર આપ્યાનો કોઈ દસ્તાવેજ રજુ કરેલ નથી અને માલ ની ડીલીવરી અંગે પ્રતિવાદીની સહી અથવા સ્ટેમ્પ ધરાવતો કોઈ દસ્તાવેજ પણ રજુ કરવામા આવેલ નથી. વધુમા પ્રતિવાદીએ સમગ્ર ટ્રાનજેકશન નો ઈનકાર કરેલ છે.

હાલના કેસમા પ્રતિવાદી દવારા લીમીટેશન નો વાંધો ઉઠાવેલ છે, પંરતુ લીમીટેશન નો વાંધો માત્ર ઉઠાવવો પુરતો નથી. દાવો કયારે ટાઇમ બાડ થયો છે તે દર્શોવવા જરૂરી મૌખિક અને દસ્તાવેજી પુરાવા પણ રજુ કરવો આવશ્યક છે. જો રેકર્ડ ઉપર છેલ્લી સાબીત થયેલી ટ્રાન્જેકશન ની ચોકકસ તારીખ ઉપલબ્ધ ન હોય,માત્ર લીમીટેશન ના જનશલ વાંધા ના આધારે દાવાને લીમીટેશન નો બાધ નડે છે તેમ ઠરાવી શકાય નહી.

આમ ,હાલ ઉપલ્બધ પુરાવાના આધારે પ્રતિવાદી એ સાબિત કરવામા નિષ્ફળ ગયેલ છે કે, વાદીનો હાલનો દાવો લીમીટેશન થી બાર્ડ છે.

વધુમા વાદી દવારા તેઓની દલીલ સાથે ***Jay Ambe Industries Proprietor Shri Dineshkumar Bajranglal Somani v. Garnet Speciality Paper Ltd. (2022)***(3) GLR 1938, ના ચુકાદામા પ્રસ્થાપિત થયેલ સિધ્ધાતો પર

આધાર રાખેલ છે,નામદાર કોર્ટે દવારા સદર ચુકાદાના માનપુર્વક અભ્યાસ કરેલ છે, પરંતુ સદર ચુકાદામા મા જણાવેલ છે કે, પરંતુ સદર નિર્ણયનો રેશીયો હાલના કેસમા વાદીના પક્ષને મદદરૂપ થતો નથી. સદર નિર્ણયમા એવો કાયદાકીય સિધ્ધાત ઉપજે છે કે, લેજર એકાઉન્ટમા કરવામા આવેલી એન્ટ્રીના આધારે જ પ્રતિવાદી ઉપર દેવાની જવાબદારી નિશ્વિત કરી શકાય નહી. એકાઉન્ટ એન્ટ્રીને અનડર લાઈન ટ્રાનજેકશન અંગેના અન્ય સ્વતંત્ર અને વિશ્વસનીય પુરાવાથી સમર્થન કરવુ જરૂરી છે. હાલના કેસમા આંક-૨૮ નો લેજર એકાઉન્ટ માત્ર વાદી ની પોતાની એકાઉન્ટ એન્ટ્રીની ખરીનકલ છે. પ્રતિવાદીએ વાદી સાથે કોઈ વ્યવહાર કરેલ હોવાનુ સંપુર્ણ ઈનકાર કરેલ છે. વધુમા વાદીએ પણ ઉલટ તપાસ મા સ્વીકારેલ છે કે, પ્રતિવાદીએ માલનો ઓર્ડર આપ્યા હોવાનો કોઈ દસ્તાવેજ રજુ કરવામા આવેલ નથી તથા પ્રતિવાદી એ માલ પ્રાપ્ત કર્યો હોવાની સહી અથવા સ્ટેમ્પ ધરાવતો કોઈ દસતાવેજ પણ રજુ કરવામા આવેલ નથી. આથી હાથ પર ના કેસમા આંક-૨૮ ની લેજર એકાઉન્ટ ને સમર્થન કરતો પ્રતિવાદી દવારા કરવામા આવેલ એકનોલેજમેન્ટ , સહી કરેલ ડીલીવરી ચલન, રીસીપ્ટ, ઓર્ડર,અથવા અન્ય કોઈ સ્વતંત્ર અને વિશ્વશનીય દસ્તાવેજ રેકર્ડ ઉપર ઉપલ્બધ નથી.

ઉલટુ, હાલના કેસની હકીકતોમા, જયા પ્રતિવાદી એ સમગ્ર ટ્રાન્જેકશન નો ઈનકાર કરેલ છે અને વાદીએ ઓર્ડર અને ડીલીવરી અંગેના સમર્થક દસ્તાવેજના અભાવ ની મહત્વપુર્ણ સ્વીકાર કરેલ છે,ત્યા સદર નિર્ણય નો સિધ્ધાત પ્રતિવાદીના પક્ષને વધુ મજબુત બનાવે છે. આથી ઉપરોકત ચુકાદાનો નિર્ણય હાલના કેસમા વાદીના દાવાને સાબિત કરવા મદદરૂપ થતો નથી.

(૧૧.૮) આમ સમગ્ર મૌખિક અને દસ્તાવેજી પુરાવાનુ મુલ્યાંકન કરતા , વાદી (૧) પ્રતિવાદીએ દાવામા દર્શાવેલ તમામ વ્યવહારો માટે માલનો ઓર્ડર આપ્યો હો.(૨) વાદીએ તે ઓર્ડર મુજબ માલ પ્રતિવાદીને પહોચાડયો હતો.(૩) પ્રતિવાદીએ તે

માલ પ્રાપ્ત તથા સ્વીકાર કર્યો હતો.(૪) તે વ્યવહારોના પરીણામે રૂ ૧,૬૪,૬૩૩/– ની ચોકકસ રકમ પ્રતિવાદી પાસેથી કાયદેસર રીતે બાકી છે જેવા મુળભુત હકીકતો સંતોષકારક રીતે સાબિત કરવામા વાદી પક્ષ નિષ્ફળ ગયેલ હોઈ મુદા નંબર–૧ થી ૪ નો જવાબ નકારમા આપી મુદા નંબર–૫ નો આખરી હુકમ નીચે મુજબ કરવામા આવે છે.

:: આખરી હુકમ ::

(૧) વાદીનો હાલનો દાવો નામંજુર કરવામા આવે છે.

(૨) દાવાનુ ખર્ચે જે તે પક્ષકારોએ ભોગવવા હુકમ કરવામા આવે છે.

(૩) હુકમ મુજબ હુકમનામુ દોરવુ.

હુકમ આજ રોજ તા ૧૪ મી માહે, ઓગસ્ટ, સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલત મા વાંચી,સંભળાવી જાહેર કર્યો

તા ૧૪/૦૮/૨૦૨૬
વાલીયા

(આદીલનવાજ.મો.શફી.સોની)
પ્રિન્સીપાલ સિવીલ જજ અને
જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફસ્ટ કલાસ,
વાલીયા.
જજ કોડ નંબર–જીજે૦૧૬૩૬